

# જયારે યાદ આવે પપ્પાની ત્યારે આંખો છલકાઈ




**આ રવિવારે ફાધર્સ ડે છે. દર વર્ષે જૂનના ત્રીજા રવિવારને ફાધર્સ ડે તરીકે ઉજવાય છે. પિતાના પ્રેમ, ત્યાગ અને સમર્પણની ભાવનાને સમ્માન આપવા માટે આ દિવસ પિતા સાથે ટાઈમ સ્પેન્ડ કરીને કે તેમને તેમની પસંદની વસ્તુ ગિફ્ટ આપીને અને બીજા અલગ અલગ તરીકાથી ઉજવણી કરીને યાદગાર બનાવવામાં આવે છે. દરેક વ્યક્તિના જીવનમાં પિતાનું મહત્ત્વ અમૂલ્ય હોય છે. પિતા બાળકને પા પા પગલી પાડતા શીખવાડે છે. એવું પણ બનતું હોય છે કે, બાળકનો સ્કૂલમાં પહેલો દિવસ હોય ત્યારે બાળકની આંગળી પકડીને કેટલાક પિતા તેને ક્લાસરૂમ સુધી મૂકવા આવે છે. બાળકની આર્થિક જરૂરિયાતો મોટા ભાગે પિતા જ પૂરી કરતા હોય છે પણ એવાં કેટલાંય બાળકો, કેટલાક યુવાઓ હોય છે જેમણે બહુ નાની ઉંમરમાં પિતાની છત્રછાયા ગુમાવી દીધી હોય છે. જો હજી સ્કૂલમાં ભણતા હોય કે પછી હજી આર્થિક રીતે પગભર થવા માટેની કોશિશમાં હોય અને ત્યારે જ ફાધરનું નિધન થઈ જાય એ વખતે એ બાળક કે એ યુવાનના જીવનમાં શૂન્યાવકાશ સર્જાઈ જાય છે. કોના સહારે ભવિષ્ય ઉજ્જવળ બનાવવું તે પ્રશ્ન તેમને ઘેરી વળે છે. પિતાની સાથે જોડાયેલી યાદો આંખોમાંથી અશ્રુધારા બનીને વહેતી હોય છે. ચાલો આપણે સુરતના એવા લોકોને મળીએ કે જેમણે ફાધરની છત્રછાયા ગુમાવ્યા બાદ કયા કયા પડકારોનો સામનો કર્યો...**



## મારા ફાધર ખેતી કરતા એમના નિધન બાદ ખેતી લગભગ પડી ભાંગી છેઃ જય પટેલ

‘‘મારા ફાધર બહુ સારા ખેડૂત હતા અને ઘરના વાડામાં ઓર્ગેનિક શાકભાજી અને ફ્રૂટ્સ ઉગાડતા. એમના નિધન બાદ એક વર્ષ તો મેં અને મમ્મીએ ખેતી કામ કર્યું પણ પછી મારી પણ જોબ અને મમ્મીએ ઘરનાં કામો જોવાના હોય એટલે અત્યારે તો અમારા ખેતરમાં આંબાના ઝાડ સિવાય કોઈ પ્રકારની ખેતી નથી થતી. હું જ્યારે જ્યારે ખેતરમાં જાઉં છું ત્યાં મને એવું જ લાગતું હોય પપ્પા ત્યાં કંઇક કામ કરી રહ્યા છે. હું ખેતરમાં, ઘરના વાડામાં અને મંદિરના પ્રાંગણમાં મારા પપ્પાને બહુ મિસ કરું છું.’’ આ શબ્દો છે એરપોર્ટ પાસે ગવિયર ગામમાં રહેતાં 25 વર્ષના જયકુમાર પટેલના. જય સ્કૂલમાં ટીચર છે. તેણે જણાવ્યું કે, ‘‘2022માં મારા ફાધર જયંતીલાલ પટેલને એટેક આવ્યો ત્યારે અમે બધા જ ઘરમાં હતાં. પપ્પાને તરત કારમાં હોસ્પિટલ લઈ જઈ રહ્યા હતા પણ હોસ્પિટલમાં પહોંચીએ તે પહેલાં તેમનું નિધન થઈ ગયું. મારા ફાધર પોતે તો બહુ નહોતા ભણ્યા પણ મારી બે બહેનો અને મારા ભણતર પાછળ એમણે કોઈ બાંધછોડ નહીં કરી એટલે જ મારી મોટી સિસ્ટર H.R. બની, મારી બીજી સિસ્ટર આઇટી એન્જિનિયર બની અને હું ટીચર બન્યો. મારા ફાધર બહુ ઓછું પણ સ્પષ્ટ બોલતા. એમનું એવું માનવું હતું કે જે છોકરો 17 કે 18 વર્ષની એજમાં પોતાનો ખર્ચો જાતે ઉઠાવતો થાય તે જીવનમાં ખાસ્સું આગળ વધી શકે પણ જે 21 વર્ષ સુધી જાતે પોતાના ખર્ચા ઉઠાવી નહીં શકે તે આખી જિંદગી કાંઈ નહીં કરી શકે, બેસીને જ ખાશે. પપ્પાની આ માન્યતાને કારણે જ હું 11માં ધોરણમાં હતો ત્યારથી જ ટ્યુશન કરાવીને પોતાના ખર્ચા જાતે ઉઠાવતો. એ વખતે બીજા છોકરાઓને હું મોજમજા કરતાં જોતો ત્યારે મને થતું બીજા તો મજા કરે છે અને મારે અત્યારથી જ કમાવાનું શરૂ કરી દેવું પડ્યું છે. એ સમયે ફાધર સાથે મનમુટાવ પણ થતો, એમની વાતોનું ખોટું પણ લાગતું પણ હવે ખ્યાલ આવે છે કે પપ્પાને એવું લાગ્યું હશે કે હું નહીં હોઉં ત્યારે મારો પરિવાર કશે અટવાઈ નહીં જવો જોઈએ. ફાધરનું અચાનક જ નિધન થયું પણ એ પહેલાંથી જ મેં કમાવાનું શરૂ કરી દીધું હતું. એમનું નિધન થયું ત્યારે હું બી.એડ. ના ફર્સ્ટ યરની સ્ટડી કરતો હતો. મારા પિતાના નિધન બાદ ખેતરમાં પણ ખેતી કોઈ ખાસ નથી થતી. પપ્પા હતા ત્યારે તો કેરીની સિઝન શરૂ થવાના એક મહિના પહેલાં જ અમારા ઘરમાં કેરી આવી જતી અને કેરીની સિઝન પત્યા બાદ બે મહિને પણ અમારા ખેતરમાં આંબા પર કેરીઓ દેખાતી. અત્યારે ખેતરમાં ખેતી ખાસ નથી થતી એ જોતાં મને પણ લાગે છે કે, મારી જનરેશન બાદ અમારો ખેતીનો વ્યવસાય કદાચ લુપ્ત થઈ જશે. મારા ફાધર કોઈ દિવસ અમારા મોઢા પર અમારી પ્રશંસા નહીં કરતા પણ બીજા સામે મારી બંને બહેનો અને મારી પ્રશંસા કરતા.’’



## મમ્મી એકલાં પડી ગયાં હોત એટલે સુરત બહાર કોલેજની સ્ટડીના કરી શકીઃ હીનલ પટેલ

હીનલ માત્ર 12 વર્ષની હતી ત્યારે તેના પિતાનું હાર્ટઅટેકને કારણે નિધન થયું હતું. હીનલનાં મધર પણ ત્યારે હાઉસ વાઈફ હતાં. ઘરનો બહુ મોટો સપોર્ટ છીનવાઈ ગયો હતો. હીનલનાં મમ્મી માટે બહુ મોટો પ્રશ્ન હતો કે દીકરા-દીકરીને કઈ રીતે ભણાવવા? હીનલે જણાવ્યું, ‘‘એ સમયે તો મમ્મીએ પિતાની પણ ભૂમિકા નિભાવી પણ આર્થિક સંકટ તો ઊભું થયું જ હતું. વળી, બહાર ફરવા જવું હોય તો ફાધર રૂપી સુરક્ષા ઢાલ ક્યાં હતી?’’ 28 વર્ષીય હીનલ અડાજણ વિસ્તારમાં તેની મમ્મી હેમાબેન સાથે રહે છે. તે એક રિયલ એસ્ટેટ ફર્મમાં એડમીન મેનેજર છે. તેણે જણાવ્યું કે, ‘‘મારા અને મારા ફાધરનું બહુ સારું બોન્ડિંગ હતું. મમ્મી મારી પર ખીજવાતાં ત્યારે પપ્પા હંમેશાં મારા પક્ષમાં રહેતા અને મમ્મીને કહેતા મારી છોકરી પર ખીજાવાનું નહીં પણ પપ્પાનો પ્રેમ લાંબા સમય સુધી નહીં મળી શક્યો. હું 7 મા ધોરણમાં હતી અને મારો ભાઈ મારા કરતાં મોટો. એક સાંજે અચાનક પપ્પાને હાર્ટ એટેક આવ્યો અને ઘરનો સૌથી મોટો આધાર છીનવાઈ ગયો. કોલેજના સ્ટડીને લઈને ગાઈડન્સ આપનારું કોઈ નહોતું. હું ભણવામાં હોંશિયાર હતી એટલે મારે અમદાવાદ, વડોદરા જેવા શહેરમાં જઈને ભણવું હતું પણ મેં એવું કર્યું હોત તો મમ્મી એકલાં પડી ગયાં હોત ત્યારે પપ્પાની બહુ જરૂર લાગતી હતી. કોલેજમાં એડમિશન વખતે પપ્પાના સપોર્ટની જરૂર હતી. કોલેજની ફી ભરવાને લઈને પણ પ્રોબ્લેમ તો હતો જ. ઘરના રૂટિન ખર્ચને તો પહોંચી વળતા પણ કશે બહાર ફરવા જવું હોય કે મોજશોખ પૂરા કરવા માટે એક્સ્ટ્રા પૈસા નહોતા. હમણાં 5 વર્ષથી અમે આર્થિક રીતે સ્ટ્રોંગ બન્યા છીએ. હું પણ જોબ કરું છું અને મારો ભાઈ અબ્રોડમાં જોબ કરે છે. પપ્પા વગર આજે પણ એકલવાયું લાગે છે. મારા લગ્ન થશે ત્યારે પપ્પાની જગ્યા પર મારા માસીનો દીકરો કન્યાદાન કરશે.’’



## પપ્પાના નિધન બાદ મમ્મીને ઘરે મૂકીને આઉટ ઓફ સિટી જવામાં ડર લાગતોઃ હેરી આઈસ્ક્રીમવાળા

હેરી આઈસ્ક્રીમવાળાના ફાધરનું નિધન 2020માં કેન્સરથી થયું હતું ત્યારે હજી તો હેરીની કરિયર ચાલુ જ થઈ હતી. કશે આઉટ ઓફ સુરત જવું હોય તો મમ્મીને એકલા ઘરે મૂકીને કઈ રીતે જવું તેની મૂંઝવણ રહેતી કેમ કે ઘરમાં કોઈ ના હોય તો મમ્મીને બીક લાગે. ઘરની મહત્ત્વની વ્યક્તિ જ ના રહે તો ઘર કેટલું સૂનું સૂનું થઈ જાય તે સમજવાની વાત છે. પાલનપુર પાટિયા વિસ્તારમાં રહેતાં 28 વર્ષીય હેરી આઈસ્ક્રીમવાળા સિવિલ એન્જિનિયર છે. હેરીએ જણાવ્યું કે, ‘‘2020માં હજી તો મને નવી નવી જોબ મળી હતી, હજી આગળ કઈ રીતે વધવું તેનું માર્ગદર્શન પપ્પા પાસેથી મેળવવાનું હતું ત્યાં તો તેમને કેન્સર થયું. કેન્સર સામેની લડાઈમાં પપ્પા હારી ગયા. તેમના નિધન બાદ હું અને મમ્મી તૂટી પડ્યાં. હજી મારા જોબની શરૂઆત થઈ હતી એટલે આર્થિક સંકડામણ પણ થઈ હતી. જોબથી કંટાળીને ઘરે આવું ત્યારે પપ્પા યાદ આવી જાય અને મને રડવું આવી જતું. અત્યારે તો હું કરિયરમાં સેટલ થઈ ગયો છું પણ અફસોસ એ વાતનો થાય છે કે, મારો પ્રોગ્રેસ જોવા પપ્પા સાથે નથી. જો તેઓ હોત તો ચોક્કસ મારી પર પ્રાઉડ ફીલ કર્યું હોત. મારા પપ્પાએ એમના અવસાનના 7-8 વર્ષ પહેલાં જ પોતાની પરસેવાની કમાણીમાંથી પાઇ પાઇ જોડીને પૈસાની બચત કરી પોતાના સપનાનું ઘર બનાવ્યું હતું પણ તેઓ એમના સપનાના ઘરમાં ઝાઝો સમય નહીં રહી શક્યા.’’



## હું સાંજે ક્લિનિકથી ઘરે આવતી ત્યારે ઓટલા પર મારા પપ્પા મારી રાહ જોતાઃ નિધિ જોશી

‘‘પપ્પાનું 11 વર્ષ પહેલાં કાર્ડિયાક અરેસ્ટને કારણે નિધન થયું હતું. મારા પપ્પા રોજ સાંજે હું ક્લિનિક પરથી આવું ત્યારે ઘરના ઓટલા પર મારી રાહ જોતા હોય. હું જેવી આવું તેઓ મારી પાસેથી મારી એક્ટિવાની ચાવી લઈ લેતાં અને ડીકીમાંથી ખાલી ટિફિન બોક્સ કાઢી લેતાં. પપ્પાની મારા માટેની એ અનહદ લાગણીઓ હું કદાપિ નહીં ભૂલી શકું.’’ આ શબ્દો છે અડાજણ વિસ્તારમાં રહેતાં 36 વર્ષીય નિધિ જોશીના. તેઓ વ્યવસાયે ડેન્ટિસ્ટ છે. નિધિ જોશીએ પોતાના ડેડી મહેશભાઈ દેસાઈ સાથે જોડાયેલી યાદો વિશે જણાવ્યું કે, ‘‘મારા લગ્ન બાકી હતા એ પહેલાં ડેડીનું નિધન થયું એનો અફસોસ રહેશે. મારે કોઈ ડિસિઝન લેવા હોય ત્યારે મને પપ્પાની બહુ યાદ આવતી. હું સ્કૂલમાં હતી ત્યાં સુધી તો દરેક વેકેશનમાં અમે ફરવા જતા. ક્યારેક ગોવા, સિમલા, કુલુ-મનાલી, સિક્કિમ અને બીજી ઘણી જગ્યાઓ પર ફરવા જતા. હવે ફરવાનું જવાનું થાય તો એમની યાદ આવે. મેં મારા લગ્નની શોપિંગમાં, મારા મેરેજના દરેક ફંક્શનમાં ડેડીને મિસ કર્યા. પપ્પા હંમેશાં મારા સપોર્ટમાં રહેતાં. BDS (બેચરલ ઓફ ડેન્ટલ સર્જરી)માં એડમિશન માટે પણ પપ્પાએ સપોર્ટ કર્યો હતો. મારો ઘરે આવવાનો સમય થયો હોય અને મમ્મી કશે બહાર હોય તો તરત મમ્મીને ફોન કરીને કહેતાં તું ફટાફટ ઘરે આવી જા, નિધિનો ઘરે આવવાનો સમય થઇ ગયો છે, એને ભૂખ લાગી હશે. મને કાર પણ મારા ડેડીએ જ શીખવાડી હતી. હું દરેક જગ્યાએ મારા પપ્પાને મીસ કરું છું.’’



## મારો બરફનો ગોળો પપ્પાને નહીં ખાવા દીધો હતો એનો મને હજી પણ અફસોસ થાય છેઃ સોહમ પંડિત

સોહમે જણાવ્યું કે, ‘‘હું માત્ર 8 વર્ષનો હતો ત્યારે મારા ફાધરનું અવસાન થયું હતું. મને તો પપ્પા સાથે રહેવાનો બહુ ટાઈમ પણ નહીં મળ્યો. સ્કૂલમાં છોકરાઓને એમના ફાધર આંગળી પકડીને ક્લાસ રૂમમાં લઈ જતાં એ દ્રશ્ય હું જ્યારે જ્યારે જોતો મને પપ્પાની બહુ યાદ આવતી અને હું બહુ રડી પડતો.’’ કતારગામ વિસ્તારમાં રહેતાં 19 વર્ષીય સોહમ કન્ટેન્ટ ક્રિએટર છે અને હાલમાં જ તેમને ‘ફાર્મ નમ્બર 35’ નામની શોર્ટ ફિલ્મ બનાવી છે. સોહમે જણાવ્યું કે, ‘‘મારા ફાધર પ્રફુલ્લચંદ્ર પંડિત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના બિઝનેસમાં હતા. હું છ જ વર્ષનો હતો ત્યારે પપ્પાને કેન્સર ડિટેક્ટ થયું હતું. દાદી અને મમ્મીએ પપ્પાની સારવાર મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં પણ કરાવી પણ પપ્પા કેન્સર સામે હારી ગયા. તેમનું નિધન થયું ત્યાર બાદ મારા મોટા ભાઈ સિદ્ધાર્થભાઈએ મને પપ્પા જેવો પ્રેમ આપ્યો. મને દરેક બાબતમાં સિદ્ધાર્થભાઈ સપોર્ટ કરતા. મને પપ્પા સાથેની કેટલીક ક્ષણો આજે પણ યાદ છે. પપ્પા અમને મહાબળેશ્વર ફરવા લઈ ગયા હતા ત્યાં પપ્પાએ મને અને ભાઈને બરફનો ગોળો અપાવ્યો હતો. મારે મારો બરફનો ગોળો એકલો જ ખાવો હતો જ્યારે સિદ્ધાર્થભાઈએ એમનો બરફનો ગોળો પપ્પા સાથે શેર કર્યો હતો. એ અમારી પપ્પા સાથેની લાસ્ટ ટ્રીપ હતી. હજી પણ મને એ ટ્રીપની યાદ આવે છે ત્યારે અફસોસ થાય છે કે, મેં પપ્પાને મારો બરફનો ગોળો ખાવા નહોતો આપ્યો. પપ્પા મને સાઈકલ પર ટ્યુશન મૂકવા આવતા. હું આગળ બેસતો અને સિદ્ધાર્થભાઈ સાઈકલની પાછળની સીટ પર બેસતા. પપ્પા ખૂબ જોલી પર્સન હતા પણ ઘરમાં તેમની ધાક રહેતી. પપ્પા મારી પર ખીજાય તો પણ હું રડી પડતો અને સિદ્ધાર્થભાઈને પપ્પાના હાથનો માર પડતો છતાં સિદ્ધાર્થભાઈ રડતા નહીં. પપ્પાની સારવાર વખતે મારાં દાદી, મોટા પપ્પા (મોટા કાકા), કાકા-કાકીએ ફાયનાન્શિયલ સપોર્ટ બહુ કર્યો હતો. પપ્પાના નિધન બાદ મારાં મમ્મી જોબ કરવા લાગ્યાં હતાં. હજી પણ મમ્મી જોબ કરે છે અને હું થર્ડ યર બી.કોમ. નો સ્ટડી કરવાની સાથે કન્ટેન્ટ ક્રિએટરનું કામ કરી ઘરમાં થોડો સપોર્ટ કરું છું. મારાં દાદી અને મારાં મમ્મીએ ક્યારેય પપ્પાની કમીનો અહેસાસ નહીં થવા દીધો. અમારા ઘરમાં સ્ત્રીઓએ જ બાળકોનો ઉછેર કર્યો. મારા દાદા નથી, મારા પપ્પા નથી, મારા ફોઈની વાત કરું તો મારા ફુવા પણ નથી અને ફોઈનો એક દીકરો છે તેના દાદા પણ નથી. આ રીતે ઘરની સ્ત્રીઓએ જ બાળકોનો ઉછેર કર્યો છે એવું કહી શકાય.’’



## મારા ભાઈ અને પપ્પાએ મને બર્થડે પર બહુ સરસ સરપ્રાઈઝ પાર્ટી આપી હતી તે યાદ આવે તો રડી પડાય છેઃ દેવાંશી રાઠોડ

નાનપુરા વિસ્તારમાં રહેતી 18 વર્ષની દેવાંશી રાઠોડ બી.કોમ. થર્ડ યરની સ્ટડી કરી રહી છે. તેણે જણાવ્યું કે, ‘‘મારા ફાધર મારી પર બહુ વ્હાલ વરસાવતા. મેં જ્યારે કોલેજમાં પહેલું પગથિયું મૂક્યું હતું ત્યારે ઘણાં છોકરા-છોકરીઓને તેમના ફાધર કોલેજમાં મૂકવા આવ્યા હતા ત્યારે મને પણ થયું હતું કે કાશ મારા ફાધર હયાત હોત તો મને પણ કોલેજમાં મૂકવા આવ્યા હોત. એ સમયે મારી આંખમાંથી આંસુ સરી પડયાં હતાં.’’ દેવાંશીએ જણાવ્યું કે, ‘‘2023માં મારા ફાધર ગૌરાંગભાઈનું બીમારીમાં મૃત્યુ થયું હતું. મારાં મમ્મી જોબ કરે છે અને મારો મોટો ભાઈ પણ જોબ કરે છે. મમ્મી અને ભાઈ પપ્પાની ગરજ સારી રહ્યાં છે પણ હજી પણ હું, મમ્મી અને ભાઈ કશે ફરવા જઈએ ત્યારે મને પપ્પા બહુ યાદ આવી જાય. પપ્પાને ફરવાનો શોખ હતો એટલે દર વર્ષે અમને ફરવા લઈ જતાં. મને શોપિંગ બહુ કરાવતા, હવે તો શોપિંગ પર જાઉં ત્યારે એવું લાગે કે પપ્પા હોત તો મને કેટલું બધું વણમાંગ્યે અપાવ્યું હોત. હું 12મું ધોરણ પાસ થઈ અને કોલેજમાં એડમિશન લેવાનું હતું ત્યારે કયા ફિલ્ડમાં એડમિશન લેવું એ ડિસિઝન લેવાનું હતું ત્યારે પણ પપ્પાને બહુ મીસ કરતી હતી. પપ્પા હોત તો મને ડિસિઝન લેવામાં સપોર્ટ કર્યો હોત. એક વાર મારી બર્થડે પર ભાઈ અને પપ્પા મને જેવી ડિઝાઈનની કેક જોઈતી હતી એવી જ કેક લઈ આવ્યા હતા અને મને બર્થડેની સરપ્રાઈઝ પાર્ટી આપી હતી. હવે બર્થડે આવે ત્યારે પપ્પા વગર બર્થડે સે લિ બ્રે ટ કરવાની ઈચ્છા નથી થતી.’’



**બાળકમાં હિંમત ભરવાનું કામ તેના ફાધર કરતા હોય છે. પડકારોનો સામનો નીડરતાથી કરવા માટેની પ્રેરણા બાળકને તેના પિતા જ આપતા હોય. પિતા જ ના રહે તે બાળકનો ક્યાંક ને ક્યાંક આત્મવિશ્વાસ ડગમગતો જોવા મળશે. પિતારૂપી છત્રછાયા ગુમાવનાર કેટલાંક બાળકો માનસિક તાણ, એકલતા અને ડિપ્રેશનની સ્થિતિ અનુભવે છે. બીજાં બાળકોને તેમના ફાધર સાથે જોઈ પિતાની છત્રછાયા ગુમાવનાર બાળક પોતાને અસહાય મહેસૂસ કરે છે. પોતાને બીજાં બાળકોથી અલગ સમજવા લાગે છે. ક્યારેક પિતારૂપી આર્થિક આધાર જ ના રહે તો પરિવારને આર્થિક સપોર્ટ માટે છોકરો હોય કે છોકરી નોકરીધંધાની શોધમાં લાગી જાય છે જેથી તેની માસૂમિયત છીનવાઈ જાય છે. બાળકને માત્ર પિતા કે માત્ર માતાની જરૂરિયાત છે એવું નથી પણ તેને બંનેની જરૂરિયાત હોય છે. બાળકના શારીરિક અને માનસિક વિકાસ માટે માતા અને પિતા બંનેની હૂંફની જરૂર હોય છે.**